**કલમ – ૪ (૧) (ખ) (૨)**

## પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો :–

### ૧. ઈ.ચા.ઝુ સુપ્રિટેન્ડેન્ટ :–

- સુરત મહાનગરપાલિકા સંચાલિત પ્રાણીસંગ્રહાલયના દૈનિક વહિવટ,નિયમન, નિયંત્રણ અને નિતી વિષયક બાબતને લગતી કામગીરી
- કમિશ્નરશ્રી ધ્વારા અવાર નવાર સોંપવામાં આવતી અન્ય વહિવટી તેમજ આઉટડોર ફરજો.

### ૨. આસીસ્ટન્ટ વેટર્નરી ઓફિસર :–

- ઈ.ચા.ઝુ સુપ્રિટેન્ડેન્ટની ગેરહાજરીમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત પ્રાણીસંગ્રહાલય ના દૈનિક વહિવટ,નિયમન, નિગ્રંત્રણ ને લગતી કામગીરી .
- પ્રાણી સંગ્રહાલય ખાતે રાખવામાં આવેલ પ્રાણીઓની પશુ ચિકિત્સા અને પશુપાલન ને લગતી કામગીરી.
- પ્રાણીસંગ્રહાલયમાં દૈનિક આવતા પ્રાણીઓના ખોરાકની તપાસ,પ્રાણીઓને આપવામાં આવતી સારવારની નોંધ ઉપરાંત સમયસર રૂટિન પ્રિવેન્ટીવ સારવાર કરવાની કામગીરી.
- પ્રાણીઓની ઈન્વેન્ટરી રિપોર્ટ બનાવવાની કામગીરી તથા પ્રાણીઓના સ્ટોક રજીસ્ટર નિભાવની કામગીરી.
- આર.ટી.આઇ. એકટ ૨૦૦૫ હેઠળ આવતી અરજીઓના નિકાલ માટે જાહેર માહિતી અધિકારી તરીકેની કામગીરી.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

### ૩. કયુરેટર :–

- સુરત મહાનગરપાલિકા સંચાલિત પ્રાણીસંગ્રહાલયના દૈનિકવહિવટી કામગીરી માં ઈ.ચા. ઝુ સુપ્રિશ્રીની મદદ.
- ઝુ સુપ્રિટેન્ડેન્ટ શ્રી તથા આસી.વેટ.ઓફિસરને કામગીરીમાં મદદ કરવી.
- વન્યજીવો અને પર્યાવરણના રક્ષણ અને સંરક્ષણ બાબતે જનજાગૃતીને લગતી કામગીરી.
- જાનવરોને રાખવામાં આવતા પાંજરાઓમાં એન્વાયરમેન્ટ એનરીચમેન્ટની કામગીરી.
- પ્રાણીઓના પાંજરાના સીવીલ અને સીવીલ રીલેટેડ રીપેરીંગ કામને લગતી કામગીરી માટે જરૂરી રીપોર્ટ તૈયાર કરવા.
- ઝુ માટે મેળવવામાં આવતા તથા અન્ય ઝુમાં મોકલવામાં આવતા જંગલી પ્રાણીઓની પરિવહનની કામગીરી.
- ઉપરી અધિકારી ઝુ સુપ્રિટેન્ડેન્ટશ્રી તથા આસી.વેટ.ઓફિસર તરફથી અવરનવર મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૪. <u>ઝુ ગાઈડ :–</u>

- ઝુ ખાતે શાળાઓ  કે ગ્રુપમાં આવતા મુલાકાતીઓની વિનંતી બાદ સાથે રહી ઝુની માહિતી આપવી.
- મુલાકાતી સિવાયના ફરજના સમયમાં તેઓને સોંપવામાં આવેલ વિભાગના પ્રાણી પક્ષીઓના પાંજરાની કામગીરીનું સુપરવિઝન કરવાની કાગીરી.
- બટરફલાય પાર્ક તથા ઈન્ટરપ્રિટેશન સેન્ટરના દૈનિક નિયંત્રણ,નિયમન,નિભાવની કામગીરી.
- પ્રાણીસંગ્રહાલયમાં આવતા મુલાકાતીઓ પૈકી સ્કુલ , કોલેજ અને ગ્રુપમાં આવતા વિધાર્થીઓને વન્યપ્રાણીઓ બાબતે શિક્ષણ અને સમજ આપવી.ઉપરાંત ઝુ એજયુકેશન ને લગતો એજયુકેશન પ્લાન બનાવી તેને ઝુ પ્રિમાઈસીસની અંદર તથા બહાર કાર્યાન્વીત કરવો.
- ઝુ ની વિવિધ કામગીરીઓ પૈકી કોઈપણ કામગીરીના  વિષયનું ચયન કરી તેને માટે ફોર્મેટ બનાવી આવનાર મુલાકાતીઓ પાસેથી અભિપ્રાય મેળવી મળેલ અભિપ્રાયનું અર્થઘટન કરી જરૂરી તારણકાઢી ઝુ સુપ્રિશ્રીને રિપોર્ટ રજુ કરવો.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૫. <u>સિકયુરીટી ઓફિસર :–</u>

- નેચરપાર્ક ખાતેની સ્થાવર તથા જંગમ મિલ્કતનું પુરતું રક્ષણ પુરુ પાડવું.
- નેચરપાર્ક ખાતે આવતા મુલાકાતીઓ નેચરપાર્ક ની મિલ્કત તેમજ પ્રણીઓને નુકશાન / (નડગત ના પહોંચાડે તે મુજબની તમામ વ્યવસ્થા કરી જરૂરી તકેદારી લેવી.
- સિકયુરીટી એજન્સી ધ્વારા ફાળવવામાં આવતા જવનો શારીરીક શૈક્ષણિક તથા માનસીક રીતે થયેલ ઠરાવ ની શરતો અને બોલીઓ મુજબ છે કે કેમ ? ની ચકાસણી કરવી તેના ઓળખપત્ર ચકાસવા તેમજ તેમને પ્રાણીસંગ્રહાલયના સિકયુરીટી પોઈન્ટ પર શુ કરવું શુ ન કરવું  ની સમજ આપવી.
- નેચરપાર્ક સરથાણા ખાતે ફરજના સમય દરમ્યાન સિકયુરીટી પોઈન્ટની દરરોજ રૂટીન હાજરી ચેકીંગ  તેમજ ફરજના સમય બાદ  હાજરીનું સરપ્રાઈઝ ચેકીંગ કરવાની કામગીરી.

## ૬. લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર :–

- પ્રાણી સંગ્રહાલય ખાતે રાખવામાં આવેલ પ્રાણીઓની પશુ ચિકિત્સા અને પશુપાલન ને લગતી કામગીરીમાં આસી.વેટ.ઓફિસરને મદદ કરવી.
- દરરોજ નેચરપાર્ક ખાતે રાખવામાં આવેલ પ્રાણી/પક્ષીઓની તંદુરસ્તીના નિરક્ષણ ની કામગીરી.
- સોંપવામાં આવેલ વિભાગના પાંજરાઓના નિયમન,નિયંત્રણ ઉપરાંત સાફસફાઈ તથા ડિસઈન્ફેકશનની કામગીરીનું સુપરવિઝનની કામગીરી.
- પશુચિકિત્સા અધિકારી ધ્વારા આપવામાં આવતી સારવાર (પ્રિસ્કીપ્શન) અન્વયે પ્રાણીઓને સીધીદેખરેખ હેઠળ સમયસર દવા આપવા / ખવડાવવાની /વેકશીનેશન અને ડિવર્મીંગને લગતી કામગીરી.
- શિડયુલ– ૧ તથા ૨ ના જાનવરો ધ્વારા તેમના તરછોડી દિધેલ બચ્ચાઓના હેન્ડ રિયરીંગથી ઉછેર ને લગતી કામગીરી.
- મદદનીશ પશુ ચિકિત્સા અધિકારીની ગેરહાજરીમાં તેમનો ફોનપર સંપર્ક કરી સંકલનમાં રહી જાનવરોના આરોગ્ય અને સ્વાસ્થ બાબતે માહિતીની આપ–લે કરવી અને બિમાર જાનવરો માટે સુચના મુજબની સારવાર / કામગીરી કરવી.
- જાનવરોમાં બ્રિડીંગ ની કામગીરી માટે બ્રિડીંગ સિઝન દરમ્યાન બિહેવીયરલ રેકોર્ડ કીપીંગ સહિતની કામગીરી કરવી
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૭. હોર્ટિકલ્ચરલ આસીસ્ટન્ટ :–

- પ્રાણી સંગ્રહાલય ખાતે રાખવામાં આવેલ ગાર્ડનીંગ તથા બટરફલાય પાર્ક ના ગાર્ડનીંગ ના ઈજારાદારના કામનું સુપરવિઝન.
- નેચરપાર્ક ખાતે વિવિધ ગાર્ડન પ્લોટની સફાઈનું નિરક્ષણ અને સુપરવિઝન કામગીરી.
- નેચરપાર્ક ખાતેના પ્રાણીઓના ખોરાક માટેના ફોડર ફાર્મના ઈજારાદારની કામગીરીનું સુપરવિઝન કરવું તથા જરૂરી માર્ગદર્શન આપવું.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૮. ઝુ ઈન્સપેકટર કમ કલાર્ક :–

- સરથાણા નેચરપાર્ક ખાતે કાર્યરત ઓફલાઈન ટીકીટ, ટેબ્લેટ પી.સી. ધ્વારા અપાતી ટીકીટના ટીકીટ બુકિંગ ઓપરેટર તરીકે તથા બટરફલાય ગાર્ડન ખાતે સુપરવિઝનને લગતી તમામ કામગીરી ઉપરાંત ખાતાધિકારી ધ્વારા વખતો વખત સોંપવામાં આવતી કામગીરી.
- ટીકીટ બુકિંગ ઓપરેટરોને ટીકીટને લગતી નંબરીંગ તથા જરૂરીયાત મુજબની ટીકીટના છાપકામની કામગીરીમાં મદદરૂપ થવાની કામગીરી.

## ૮. હેડ કલાર્ક:–

- નેચરપાર્ક ખાતાની બુકિંગ ઓફિસને લગતી તમામ વહિવટી તથા દરરોજના ભરણાની આવક સમયસર ઝોન ઓફિસમાં જમા કરાવવાની કામગીરી.
- તાબા હેઠળના બુકિંગ ઓફિસના સ્ટાફ વચ્ચે જરૂરીયાત મુજબ કામગીરીની વહેચણી.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૯. સીનીયર કલાર્ક :–

- એસ્ટાબ્લીશમેન્ટ ને લગતી તમામ પ્રકારની કામગીરી(પગારબીલ,એરિયર્સ ,કર્મચારીની સર્વિસબુક નિભાવની કામગીરી.)તેમજ પેન્શન–ફેમીલી પેન્શનને લગતી તમામ પ્રકારની કામગીરી
- આર.ટી.આઈ. એકટ –૨૦૦૫ હેઠળ મળતી અરજીના લાગત મુદાઓ નો ખરડો તૈયાર કરી / માહિતી તૈયાર કરવાની કામગીરી.
- ધી.બી.પી.એમ.સી. એકટની કલમ ૭૩(ડી) મુજબ સક્ષમ સમિતિમાં જાણ કરવા માટેની દરખાસ્ત તૈયાર કરવાની કામગીરી.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૧૦. ત્રીજી શ્રેણી કલાર્ક :–

- એક ત્રીજી શ્રેણી કલાર્ક બુકિંગ ઓફિસની પ્રવેશ ટિકિટની વહેચણીની કામગીરી.
- એક ત્રીજી શ્રેણી કલાર્ક હિસાબી ખાતાને લગતી કામગીરીમાં બિલ બનાવવાની કામગીરી તથા વેકેશનના સમયમાં બુકીંગની કામગીરીમાં મદદ.
- એક ત્રીજી શ્રેણી કલાર્ક જરૂરીયાત મુજબ બુકીંગ ઓફિસમાં પ્રવેશ ટીકીટની વહેંચણીની કામગીરીમાં મદદ.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૧૧. પટાવાળા :–

- એક પટાવાળા વેટર્નરી હોસ્પિટલ ખાતે ફરજ બજાવે છે.
- બે પટાવાળા બુકિંગ ઓફિસ પર ફરજ બજાવે છે.
- પટાવાળા નેચરપાર્ક ખાતે બુકિંગ ઓફિસ પર મદદ કરવા ઉપરાંત નેચરપાર્ક ખાતેની ટપાલ મુખ્ય ઓફિસ તથા મુખ્ય ઓફિસ ની ટપાલ નેચરપાર્ક લાવવાની કામગીરી બજાવે છે.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૧૨. <u>ડ્રાઈવર :–</u>

- ઈ.ચા.ઝુ સુપ્રિટેન્ડેન્ટશ્રીના વાહન હંકારવાની કામગીરી.
- ઝુમાં જરૂરિયાત મુજબ ખોરાક લાવવા તથા અન્ય કામગીરી વખતે ઝુ ખાતાની આયસર ગાડી હંકારવાની કામગીરી.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૧૩. <u>મુકાદમ :–</u>

- ગાર્ડન મેઈન્ટેનેન્સ ઈજારાદારની કામગીરી તથા નેચરપાર્ક પ્રિમાઈસીસમાં આવેલ ટોઈલેટ બ્લોકની સાફસફાઈના કામનું સુપરવિઝન.
- મેઈન ગેટ તથા કેન્ટીન આસપાસના વિસ્તારની  સફાઈનું દૈનિક નિરિક્ષણ.
- નેચરપાર્ક ખાતે ના બેલદારો પાસે ગ્રુપ સફાઈની કામગીરીનું સુપરવિઝન.
- સોંપવામાં આવેલ વિભાગના પાંજરાઓના નિયમન,નિયંત્રણ ઉપરાંત સાફસફાઈતથા કામગીરીનું  સુપરવિઝનની કામગીરી.
- નેચરપાર્ક ખાતે રાખવામાં આવેલ કંન્ટેઈનર(કચરાપેટી) ની સમયસર ઉપાડવાની કામગીરીનું સુપરવિઝન.
- મેઈન ગેટ પર પ્લાસ્ટિક ચેકિંગની કામગીરીનું સુપરવિઝન.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૧૪. <u>હેડ ઝુ કિપર :–</u>

- નેચરપાર્ક ખાતે રાખવામાં આવેલ વિવિધ પ્રાણીઓ પક્ષીઓના પાંજરાઓ  પર કામગીરી કરતા ઝુ કિપરોના કામગીરીનું સુપરવિઝન
- પાંજરામાં રાખવામાં આવેલા વન્ય પ્રાણીઓને સુખાકારી માટે વખતો વખત જરૂરીયાત મુજબની વ્યવસ્થા કરવી.
- પાંજરાઓની સાફ–સફાઈ, ડીસ ઈન્ફેકશનની કામગીરી, પ્રાણીઓની અદલા બદલી, સ્થળાંતર વગેરે કામગીરીનું સુપરવિઝન.
- બિમાર પ્રાણીઓની સારવારમાં મદદ , પ્રાણીઓના વર્તનનો અભ્યાસ.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૧૫. ઝુ કિપર :–

- નેચરપાર્ક ખાતે રાખવામાં આવેલ વિવિધ પ્રાણીઓ પક્ષીઓના પાંજરાઓ પૈકી સોંપવામાં આવેલ વિભાગના પાંજરાઓ બેલદારની સાથે રહી દૈનિક સાફસફાઈ,ખોરાક આપવાની તથા પ્રાણીઓને મુલાકાતીઓના સમય દરમ્યાન પ્રદર્શનમાં રાખવા તથા ત્યારબાદ તેઓને શેલ્ટરમાં લેવાની કામગીરી.
- વિભાગના બિમાર પ્રાણીઓની સારવાર દરમ્યાન મદદ કરવાની કામગીરી.
- પ્રાણીઓના વર્તનના અભ્યાસની કામગીરી તથા પાંજરા આજુબાજુના વિસ્તારની સફાઈની કામગીરી.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ૧૬. બેલદાર / ટ્રેઈની બેલદાર :–

- નેચરપાર્ક ખાતે રાખવામાં આવેલ વિવિધ પ્રાણીઓ પક્ષીઓના પાંજરાઓ પૈકી સોંપવામાં આવેલ વિભાગના પાંજરાઓ માં એનિમલ કીપર સાથે રહી દૈનિક સાફસફાઈ,ખોરાક આપવાની તથા પ્રાણીઓને મુલાકાતીઓના સમય દરમ્યાન પ્રદર્શનમાં રાખવા તથા ત્યારબાદ તેઓને શેલ્ટરમાં લેવાની કામગીરીમાં મદદ કરવાની કામગીરી.
- બિમાર પ્રાણીઓની સારવાર દરમ્યાન મદદ કરવાની કામગીરી.
- ગ્રુપ સફાઈની કામગીરી.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.